બાલનગરીમાં યોજાઈ ચિત્ર સ્પર્ધા

ગાંધીનગરના ચ-૩ સર્કલે આવેલ બાલનગરીએ નગરના બાળકોમાં ભારે આકર્ષણ જમાવ્યું છે. બાલનગરી-આનંદમેળાના આયોજકોએ પણ બાળકોને પ્રોત્સાહિત કરવામાં કોઈ જ કસર છોડી નથી. ગાંધીનગર મોન્સુન ફેસ્ટીવલના સ્ટેજ પર ગઈ કાલે ડ્રોઈંગ કોમ્પ્ટીશન યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ચિત્ર સ્પર્ધા માટે બાલનગરી દ્વારા સ્પર્ધકોને ડ્રોઈંગ પેપર અને કલર્સ નિઃશુલ્ક પુરાં પાડયા હતા તો બાળકોએ પણ તેમની કલ્પના શકિત ખિલવતા અવનવા ચિત્રો દોરી સ્પર્ધાને યાદગાર બનાવી દીધી હતી. (તસવીર : સમીર રામી)

યુપીએસસીમાં સફળ યુવાનો મુખ્યમંત્રી આનંદીબેનને મળ્યા

ગાંધીનગર,તા. ૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની યુપીએસસીની સિવિલ સર્વિસીસ-૨૦૧૪ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનારા ગુજરાતના ૨૦ યુવા-યુવતિઓએ આજે મુલાકાત લઈને શુભેચ્છાઓ-આશીર્વાદ મેળવ્યા હતા. આનંદીબેને આ યુવાવર્ગોને તેમની જવલંત સફળતા માટે આગામી સ્વાતંત્ર્ય દિન ૧૫મી ઓગસ્ટે રાજ્ય સરકાર દ્વારા સન્માનિત કરવાની તેમજ સરકારની પ્રોત્સાહક યોજના તહેત આઈએએસ પરીક્ષામાં આ વર્ષે ઉત્તીર્ણ થયેલી બહેનોને રૂપિયા ૯૦૦૦૦ અને યુવાનોને રૂપિયા ૭૫ હજારની સહાય રકમ આપવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. મુખ્યમંત્રીએ આ યુવા-યુવતીઓ સાથે તેમના સનદી સેવામાં આવવાના અને ભવિષ્યના લક્ષ્ય વિશે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો.

ગુજરાત સરકારના સરદાર પટેલ રાજય વહિવટ ભવન (સ્પીપા)ના આઈએએસ પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રના આ બહુધા ગુજરાતની યુવાનોએ શિક્ષણ, આરોગ્ય, ગ્રામીણ વિકાસ, સામાજિક અસમાનતા નિવારણ વગેરે વિષયો પ્રત્યે પોતાની રુચિ વ્યક્ત કરી આવા સામાજિક ક્ષેત્રોને સેવાકાળમાં પ્રાધાન્ય આપવાની ખ્વાહિશ દર્શાવી હતી. આનંદીબેને ઉમેદવારોને તેમના આ લક્ષ્યની સિદ્ધિ માટે નિષ્ઠાપૂર્વક કર્તવ્યરત રહેવાની પ્રેરણા આપતા કહ્યું હતું કે, પ્રવેશ પરીક્ષા અને લાયકાત કસોટીમાં સફળતા મેળવ્યા બાદ હવે તેમણે પોતાના ફિલ્ડમાં કાબેલિયત અને કર્તવ્ય પરાયણતા પુરવાર કરવાના છે. તેમણે સામાજિક બદલાવના પરિણામો લાંબાગાળે પ્રાપ્ત થાય છે તેના શિક્ષણ, આરોગ્ય, મહિલા કલ્યાણના અનેકાનેક દ્રષ્ટાંતો આપીને આ યુવાનોને પોતાના લક્ષિત ધ્યેયને પાર પાડવાના સતત અવિરત પ્રતિબદ્ધ રહેવાની પ્રેરણા આપી હતી. મુખ્યમંત્રીના અગ્રસચિવ એસ. અપર્ણા, સ્પીપાના ડાયરેક્ટર જનરલ વિપૂલ મિત્રા, સંયુક્ત નિયામક સંજય અમરાણી તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ નજીકની પ્રાથમિક શાળાને દત્તક લેશે

શિક્ષણની ગુણવત્તા તેમજ પરિણામમાં સુધાર લાવવા નવતર પ્રયોગ હાથ ધરાયો

ગાંધીનગર તા ૯

સરકારી શાળાઓમાં પરિણામનુ સ્તર સુધારવા સરકાર કક્ષાએથી વિવિધ પ્રયાસો કરવામાં આવી રહયા છે. જયારે શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા તેમજ સુવિધાયુકત વાતાવરણ પુરુ પાડવા પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા ૧૦૦ ટકા પરિણામ ધરાવતી સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ નીચુ પરિણામ ધરાવતી નજીકની પ્રાથમિક શાળાઓ દત્તક લે તેવી યોજના અમલી બનાવામાં આવી છે.

જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આ દિશામાં શાળાઓને સુચિત કરવા સહિતની કાર્યવાહી હાથ ધરી દેવાઈ છે.

સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા તેમજ પરિણામનુ સ્તર ઉંચુ લાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોની તાલીમ તેમજ વિદ્યાર્થીઓ માટે વધારાના વર્ગ સહિતના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. જયારે પ્રતિવર્ષ બોર્ડના પરિણામના અંતે સરકારી શાળાઓનુ પરિણામ શિક્ષણ તંત્ર માટે ચિંતાનો વિષય બને છે. ગાંધીનગર જિલ્લામાં પણ નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વિશેષ છે. આજના ડે કેર સ્કુલના યુગમાં શિક્ષણ ક્ષેત્રે સ્પર્ધાત્મક અભિગમ વધુ મજબુત બન્યો છે. ત્યારે વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર અને અસરકારક શિક્ષણ પુરુ પાડવા તરફ શિક્ષણ વધુ જાગૃત બન્યુ છે. શાળાઓમાં પરિણામની ટકાવારી વધારવા શહેરની ૪ શાળાઓ પણ કડી કેમ્પસના હવાલે કરવામાં આવી છે. જયારે શહેરની ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓએ અન્ય શાળાઓને દત્તક લેવા પણ શિક્ષણ વિભાગે પરિપત્ર કરી દેવાયો છે. જે મુજબ ગાંધીનગર જિલ્લામાં પણ ધોરણ ૧૦ માં ૧૦૦ ટકા પરિણામવાળી શાળાઓ અન્ય નજીકની શાળાઓને દત્તક લેશે. મોટાભાગની સરકારી શાળાઓનુ પરિણામ ૧૦૦ ટકાથી નીચુ હોવાનું ધ્યાને આવ્યુ છે. ત્યારે નગરની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓએ નજીકની પ્રાથમિક શાળાઓને દત્તક લેશે. જેના પરિણામે નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધરશે તેમ પણ મનાઈ રહયુ છે.

જયારે નબળી શાળાઓના પરિણામમાં પણ સુધાર આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે વધુ સુવિધાઓ પણ મળી રહેશે. નબળી શાળાઓમાં પરિણામ સુધારણા માટે શિક્ષણ વિભાગ દ્વારા આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

વિસનગર ખાતે વણકર સમાજની બેઠક મળી

ગાંધીનગર, તા. ૯

શ્રી બાવીસી વણકર સમાજ ટ્રસ્ટ વિસનગરની વાર્ષિક સામાન્ય સભા સંસ્થાના સભ્યો અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં વિસનગર ખાતે યોજાઈ હતી.

બેઠકમાં આઠમા સમૂહ લગ્નોત્સવના હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. તેમજ સમાજમાં એકતા જળવાઈ રહે અને વાડીનું કામ ઝડપથી પુરૂ થાય તે માટે દાન માટે અપીલ કરવામાં આવી હતી. બેઠકમાં ઝવેરભાઈ ચાવડા, ગણપતભાઈ પરમાર, ચિમનભાઈ પરમાર સહિતના અગ્રણીઓ, સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

જલમહેલ મનોરથ

ગાંધીનગર, તા. ૯

સેકટર-૨૧માં આવેલ શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિરમાં આજે શુક્રવારે જલમહેલનો મનોરથ યોજાશે.

તલોદના રણાસણ ગામે જનસેવા કેમ્પ યોજાયો

પ્રજાના પ્રશ્નોને ઝડપી નિરાકરણ લાવવા પર ભાર મુકતા જિલ્લા સમાહર્તા

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રણાસણ ગામે સરકાર આપના આંગણે અંતર્ગત જનસેવા કેમ્પ જિલ્લા સમાહર્તા શ્રી પી. સ્વરૂપની અધ્યક્ષતામાં યોજાયો હતો.

કેમ્પમાં લોકોને જિલ્લાના મુખ્ય મથક કે તાલુકા સેન્ટર સુધી લાંબા ન થવું પડે તે માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આ નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. જેમાં આસપાસના ગામના લોકોને જનસેવાને લગતા રેશનકાર્ડ, આધારકાર્ડ, આવક-જાતિ-ક્રિમીલેયર અને ડોમીસાઈલના પ્રમાણપત્રો તેમજ આરોગ્યને લગતા મા-અમૃતમ અને મા-વાત્સલ્ય કાર્ડના ફોર્મનું વિતરણ કરી તેનો સ્થળ પર જ નિકાલ કરવાથી લોકોની સુવિધામાં વધારો કરવામાં આવશે. જેથી કરીને ગરીબ પ્રજાના પૈસા અને સમયનો વ્યય થતો અટકશે એમ જિલ્લા સમારહૃતા પી. સ્વરૂપે ઉમેર્યું હતું. કેમ્પમાં જિલ્લા વિકાસ અધિકારી એમ. નાગરાજને પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

આ કેમ્પ દરમિયાન આરોગ્ય કેમ્પમાં વિવિધ રોગના દર્દીઓનું આરોગ્યનું નિદાન કરવામાં આવ્યું હતું.

જનસેવા કેમ્પમાં જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ નરેન્દ્રભાઈ પટેલ, તાલુકા અગ્રણી ગજેન્દ્રસિંહ તથા પ્રાંત અધિકારી શ્રી ચૌધરી, મામલતદાર શ્રી જોષી સહિત અન્ય અધિકારીઓ તેમજ લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પરિચય બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા.૯

ખેડબ્રહ્માની ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં સેમેસ્ટર-૧માં નવો પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓની પરિષદે મંગળવારે પરિચય બેઠકનું આયોજન કર્યું હતું.

સંસ્થામાંની સગવડોથી તેમજ સંસ્થામાં ચાલતી શૈક્ષણિક, સાંસ્કૃતિક અને વિવિધ વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓથી નવા વિદ્યાર્થીઓ માહિતગાર થાય તે બેઠકનો હેતુ હતો તે અન્વયે એન.એસ.એસ., એન.સી.સી. સ્કુપ, સાંસ્કૃતિક તેમજ સર્જનાત્મક પ્રવૃત્તિઓ, આંતરીક તથા યુનિ. પરીક્ષા, રમતગમત, સેમિનાર, આદિજાતિ સંશોધન કેન્દ્ર, યુનિ. વ્યાખ્યાન, વિમેનસેલ, ફરિયાદ નિવારણ એકમ, આદિ વિશે જરૂરી માહિતી આપવામાં આવી હતી. બેઠકના અંતે આચાર્ય એન.ડી. પટેલે સંસ્થાની પ્રગતિ સૂચક કેટલીકવિશેષતાઓ બતાવી વિદ્યાર્થીઓને શિસ્ત જાળવી સારી કેરીયર બનાવવા પર ભાર મુકયો હતો.

મોડાસા બસ સ્ટેન્ડમાંથી ચેઈન સ્નેચર ઝડપાયો

મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમા ચેઈન સ્નેચરો, તફડંચી અને પાકીટમારોએ અડીંગો જમાવી દીધો છે. મોડાસા શહેરમાં ગેરકાયદેસર ચાલતી અસામાજીક પ્રવૃત્તિઓની હારમાળા સર્જાઈ છે. શહેરમાંથી ૨૪ કલાકની અંદર બે જુગારધામ ઝડપાવવાની સાથે આજે સવારે ૧૧ વાગ્યાની આસપાસ મોડાસા બસ સ્ટેન્ડ માંથી અછોડો તોડી ફરાર થઈ જવાની ફિરાકમાં રહેલા ચેઈન સ્નેચરને લોકોએ ઝડપી પાડી મેથીપાક ચખાડયો હતો અને મોડાસા પોલિસ સ્ટેશનને સોંપી દીધો હતો.

મોડાસા શહેરના બસસ્ટેન્ડમાંથી ૩ ગઠિયાઓને ઝડપી પાડયાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં આજે સવારે બસસ્ટેન્ડમાંથી વધુ એક અછોડો તોડી નાસવા જતા શખ્સને લોકોએ ઝડપી પાડી બરાબર મેથીપાક ચખાડયો હતો. આજે સવારે સાતરડા ગામની મહિલા અલ્પાબેન સંજયસિંહ ચાવડા કોઈ કામકાજ અર્થે મોડાસા આવી પરત સાતરડા જઈ રહ્યા હતા ત્યારે મોડાસા બસ સ્ટેન્ડમાં બસમાં બેસવા જતા હતા ત્યારે પાછળથી એક શખ્સે ગળામાં પહેરેલો દોરો અને મંગળસૂત્ર તોડી એક શખ્સ ફરાર થવાની તૈયારીમાં જ હતો અને મહીલાનું ધ્યાન ગળામાં રહેલા મંગલસૂત્ર પર પડતાં ગાયબ જણાતાં બૂમાબૂમ કરતા આજુબાજુમાંથી દોડી આવેલા મુસાફરોએ અને પોલીસે મહિલાની ફરિયાદના આધારે ચેઈન સ્નેચરની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

શબ્દાવલી - ૫૭૮૪

૧				૨	૩	■	૪
	■	■	■	૫		૬	
૭	૮	૯		■	■		■
૧૦			■	૧૧			૧૨
■	૧૩				■	૧૪	
૧૫	■		■	■	૧૬	■	
૧૭	૧૮	■	૧૯	૨૦		૨૧	■
૨૨					■	૨૩	

આડી ચાવી

૧. છાની વાતો (૬)
૫. રામાયણ, રામની વાતો(૪)
૭. કુળવાન, સારા ઘરનું (૪)
૧૦. ખુણાનું, છેડાનું (૩)
૧૧. જાન રેડીને કર્યું હોય તેવો (૪)
૧૩. મારફાડ, તોફાન, ધિંગાણું (૪)
૧૪. ભગવાન, અલ્લાહ (૨)
૧૭. લોટકુ, બળવાન (૨)
૧૯. ભ્રમ કે વિરોધ કરી સમાધાન કરાવવું તે (૪)
૨૨. જીગરી, દિલી, પ્રાણથી પણ પ્રિય (૫)
૨૩. ભરેલું ના હોય તેવું, રિક્ત (૨)

ઊભી ચાવી

૧. પ્રેસ, છાપવાનું મશીન જયાં રાખેલ હોય તે જગ્યા (૪)
૨. 'રાતી'નું ઊંધુ (૨)
૩. ત્રણ કલાક, પહોર (૨)
૪. દુઃખ-દર્દ (૨)
૬. રણકો કરે તેવો ચાંદીનો રૂપિયો (૪)
૮. પોલું ના હોય તેવું (૩)
૯. દાડમનું વૃક્ષ (૪)
૧૧. ખબર, ખ્યાલ (૪)
૧૨. ઇરેજર, વૃક્ષના રસમાંથી બનતો પદાર્થ (૩)
૧૫. શાહજીરૂ (૩)
૧૬. તરતનું નવું (૨)
૧૮. ધૂતારો, ઠગી જાય તેવો(૨)
૧૯. શિક્ષા, નસીયત (૨)
૨૦. વિચાર કરનાર ઇન્દ્રિય(૨)
૨૧. મરીયા, મરી (૨)

શબ્દાવલી ૫૭૮૩ના જવાબ

આડી ચાવી :- (૧) સબસીડી (૫) આરજુ (૮) બકવાસ (૯) ફઇબા (૧૦) મરી (૧૧) તાતા (૧૨) તરકીબ (૧૩) નજર (૧૫) તપ (૧૭) નકલ (૧૮) અથાગ (૧૯) બાકસ (૨૧) ચુગલીખોર

ઊભી ચાવી :- (૧) સબમરીન (૨) બકરી (૩) સીવા (૪) ડીસ (૫) આફતાબ (૬) રઇ (૭) જુબાની (૧૧) તાકીદ (૧૨) તરકસ (૧૪) જનક (૧૫) તથા (૧૬) પગથાર (૧૯) બાજી (૨૦) આગ

કાનૂની જંગ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કાનૂની જંગ જે રીતે ખેલાઈ રહ્યો છે તેને લઈ લોકોમાં અનેક પ્રકારના તર્ક વિતર્ક થઈ રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ટ્રિબ્યુનલમાં પણ છ ઉમેદવારોના ઉમેદવારી પત્રો માન્ય કરવાના નિર્ણય સામે મનાઈ હૂકમ માંગવામાં પણ પીછેહઠ થતાં હવે પાવર પેનલ અને પરિવર્તન પેનલ વચ્ચેનો જંગ નિશ્ચિત બની ચુક્યો છે.

બન્ને પેનલો પણ મતદાનને આડે હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા હોવાથી આક્રમક પ્રચાર અભિયાન કરી મતદારોના મન જીતવા માટે મેદાનમાં ઉતરી ચુક્યા છે.

એક માસનો પ્રતિબંધ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઉત્પાદિત 'સનફીસ્ટ યીપ્પી નુડલ્સ મેજિક મસાલા' ખાદ્ય ચીજોમાં લેવામાં આવેલા નમુનામાં લેડનું પ્રમાણ નિયત માત્ર કરતાં વધુ મળી આવવાથી લોકોના આરોગ્યને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા તા. ૮ જુલાઈ-૨૦૧૫થી એક માસ-દિન-૩૦ માટે બન્ને ઉત્પાદન ઉપર ગુજરાતમાં વેચાણ, વિતરણ અને સંગ્રહ પર સંપુર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

પેનલનો ઉદય

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચુંટણીના નિયમો કાયદાની વિરૂધ્ધના છે. ત્રણ વર્ષની ડિપોઝીટ ન હોવાના બહાના હેઠળ ઘણાની ઉમેદવારી રદ કરવામાં આવી છે. જાહેરનામુ પ્રસિધ્ધ કરવાના મામલે પણ કોઈ નિયમો જળવાયા નથી. હરિફ પેનલ એકતરફી વહિવટ સાથે બિનહરિફ થવાની મનોવૃતિ ધરાવે છે.વર્ષોથી સત્તાધારી પેનલમાં સક્રીય અશોક પટેલ (વકીલ) પણ ખોટુ થતુ હોવાની લાગણી સાથે પાવર પેનલના સમર્થનમાં હોવાનું સ્પષ્ટ થયુ છે. એકબાજુ બેંકની ચુંટણી રદ કરવા પણ કોર્ટમાં અપીલ દાખલ થઈ છે. પાવર પેનલના ઉમેદવાર પંકજ શુકલએ જણાવ્યુ હતું કે ત્રણ દિવસ પહેલા રાત્રિના સમયે હરિફ પેનલના કેટલાક ઉમેદવારોએ બિભત્સ ગાળો આપી માર માર્યો હતો આ હરકતો ચુંટણીના ઉમેદવાર તરીકે અશોભનીય હોવાનો પણ તેમણે રોષ વ્યકત કર્યો હતો. ચુંટણી અધિકારી પણ પાંચ દિવસથી ગુમ હતા. તેમની ભુમિકા પણ પારદર્શક નથી. બેંકની ચુંટણીમાં ૨૬૦૦૦ થી વધુ મતદારો ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે ત્યારે ચુંટણીને અનુલક્ષી પાવર પેનલને આજે પ્રતિક ફાળવી દેવાતા ચુંટણી ચકરાવો વધુ તેજ બની ગયા છે.

ગેરકાયદેસર રેતી વહન કરતા બે ટ્રેકટર ઝડપાયા

ખેડબ્રહ્મા તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર રેતીનું ખનન થાય છે. જે અંતર્ગત બુધવારના રોજ ખેડબ્રહ્મા મામલતદાર એચ.એન. મોદી અને સર્કલ ઓફીસર પી.બી. પટેલે ચેકીંગ દરમિયાન પંથાલ ગામની સાબરમતી નદીમાંથી રોયલ્ટી પાસ વગર રેતી ભરીને ફરતા બે નંબર વગરના ટ્રેકટરો, તળાવ પાસે પકડી અનઅધિકૃત ખનીજ વહન કરવા બદલ ટ્રેકટર માલિકોને રૂ. દસ-દસ હજારનો દંડ ફટકારવામાં આવેલ હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના બાયપાસ રોડ પર એન્જીનીયરીંગ કોલેજની સામે આજે એક મહિલા સવિતાબેન શંકરભાઈ ઠાકોર દારૂના નશામાં બેભાન થઈ પોતાના બાળક સાથે જાહેરમાર્ગ પર વિભત્સ હાલતમાં પડી હતી ત્યારે આ ઘટના અંગે મોડાસા શહેરમાં ચકચાર મચાવી દિધી હતી. મોડાસા શહેરમાં દારૂબંધીના લીરેલીરા ઉડી ગયા હતા જ્યારે અરવલ્લી જિલ્લામાં મહિલાનો મૃતદેહ મળ્યાની અટકળો વહેતી થઈ હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

BEFORE THE SOLE ARBITRATOR
SHRI T. VENUGOPALAN, ADVOCATE, CHENNAI, A.C.P/TV/No.234 OF 2015
In the matter of Arbitration and Conciliation Act 1996 AND In the matter of Loan Agreement No. GAG00725G dated 16.11.2013 and Disputes between,
M/s. Indusind Bank Ltd.
Rep. by its Manager, Legal, No. 115 & 116, G. N. Chetty Road, T.N. Nagar, Chennai-600017 ....Claimant /Lender
AND
1. MR. BHARAJI LAXMANJI THAKOR S/O. MR. LAXMANJI THAKOR THAKOR VAAS,AT-MAGHODI, TA-GANDHINAGAR, DIST. GANDHINAGAR-382355
2. MR. JASHUJI LAXMANJI THAKOR S/O. MR. LAXMANJI THAKOR THAKOR VAAS,AT-MAGHODI, TA-GANDHINAGAR, DIST. GANDHINAGAR-382355 ....Respondents 1& 2
Sirs,
Please Take Notice that the above Arbitral Claim Petition has been preferred against you both for the recovery of a sum of Rs.91,959/- together with interest and costs.
TAKE FURTHER NOTICE that the above matter stands posted to 30.07.2015 at 17.00 to 18.00 Hours, at the venue of our office at G3, Ground Floor, New Nos: 13 & 15, Post Road, 3rd Street, Teynampet, Chennai-600018, for your appearance either in person or through your authorized representative and to state your objections, if any, failing which proceedings will be commenced and arbitral award will be passed on available documents in your absence.
Dated at Chennai on this the 2nd day of July, 2015.
T. VENUGOPALAN
Sole Arbitrator

ડીસા નગરપાલિકા
જાહેર નોટીસ

આથી ડીસા નગરપાલિકા વિસ્તારના સંબંધિત ઈસમોને જણાવવામાં આવે છે કે, ટૂંક સમયમાં રસ્તાનું ડેવલપમેન્ટ કામ શરૂ કરવાનું હોઈ નીચે જણાવેલ વિસ્તારમાં જાહેર રસ્તા પૈકીમાં જે પણ ઈસમે દબાણ કરેલ છે. તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૨માં જાતે દબાણ ખુલ્લી કરી જાહેર રસ્તાઓ ખુલ્લો કરવો અન્યથા હવે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય ડીસા નગરપાલિકા જાહેર રસ્તા ખુલ્લા કરાવવા દબાણ દૂર કરાવશે. જેની સર્વે લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

(૧) કચ્છી કોલોની પાણીની ટાંકીથી અંબિકાયોક થઈ ચંદ્રલોક સોસાયટી નાકા સુધી રસ્તા પૈકી કરેલ દબાણો.
(૨) રામાપીર મંદિરથી રેજીમેન્ટ નગરપાલિકા હદ સુધી રસ્તા પૈકી કરેલ દબાણો

ડીસા નગરપાલિકા — મુખ્ય અધિકારી
ડીસા તા. ૮/૭/૨૦૧૫ — ડીસા નગરપાલિકા

ડીસા નગરપાલિકા
ટૂંકી મુદતની ટેન્ડર નોટીસ

આથી બાંધકામ વિભાગના માન્ય કોન્ટ્રાક્ટરોની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટરને જણાવવાનું કે, ડીસા નગરપાલિકાને ગાંધી ટોક વિસ્તારમાં સ્ટેઝનું કામ કરાવવાનું હોઈ આ અંગે તા. ૧૭/૭/૨૦૧૫ સુધી રજી.એ.ડી.થી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તથા વધુ વિગતો તા. ૧૩/૭/૨૦૧૫ના રોજ જરૂરી ડૉક્યુમેન્ટ સાથે ટેન્ડર ફી ભરવાથી આપવામાં આવશે.

અ.નં.	વિગત	અંદાજીત રકમ
૧	ડીસા નગરપાલિકા વિસ્તારમાં ગાંધી ચોકમાં ચણતર ગ્રેનાઈટ વિગેરેથી સ્ટેઝ બનાવવાનં કામ	૯.૫૪ લાખ ટેન્ડર ફી રૂ. ૫૦૦/-

નં.ન. પા./બાંધકામ/વશી ૧૫-૧૫
નગરસેવા સદન
ડીસા તા. ૮/૭/૨૦૧૫

(એસ.બી. જાદવ) સીવીલ એન્જિનિયર ડીસા નગરપાલિકા
(એચ.બી. પટેલ) મુખ્ય અધિકારી ડીસા નગરપાલિકા
(શ્રીમતી કેલાસ વિપુલ શાહ) પ્રમુખ ડીસા નગરપાલિકા